આંકઃ

શ્રી આઈ.જે મકવાણા સાહેબ, એકસ ઓફીસિયો કમીશ્નર ફોર, ધી વ.કો.એકટ, લેબર કોર્ટ, પાલનપુર સમક્ષ.

W.C. (ફેટલ)અરજી નં.૦૩/૨૦૧૪

ગુજરનાર શાંતાબેન નાથુજી વણઝારાના વારસો,

અરજદાર :-
૧. વણઝારા નાથુજી મંગાજી, ઉ.વ.૫૦ ધંધો. કંઈ નહિ
૨. વણઝારા રમેશભાઈ નાથુભાઈ ઉ.વ.૨૮ ધંધો.મજૂરી
૩. વણઝારા મુકેશભાઈ નાથુભાઈ ઉ.વ.૨૩ ધંધો.મજૂરી
૪. વણઝારા સુરેશભાઈ નાથુભાઈ ઉ.વ.૨૧ ધંધો.મજૂરી
૫. વણઝારા દીપકભાઈ નાથુભાઈ ઉ.વ.૧૯ ધંધો.મજૂરી

તમામ રહે. અંબાજી, રામાપીરના મંદિર સામે, ભાટવાસ, તા.દાંતા, જિ.બનાસકાંઠા

વિરુદધ

સામાવળા :-
(૧) મા.વહીવટદારશ્રી,
અંબાજીમાતા દેવસ્થાન ટ્રસ્ટ,
મુ.અંબાજી, તા.દાંતા, જિ. બનાસકાંઠા

(૨) ન્યૂ ઈન્ડિયા એસ્યોરન્સ.કં. લિ.
આબુ રોડ હાઈવે, હનુમાન ટેકરી, પાલનપુર.

પ્રતિનીધિત્વ:-
અરજદાર તરફે : વિ.વ.શ્રી કે.એ.ડાભી
સામાવાળા નં.૧ તરફે : વિ.વ.શ્રી આર.એન.મોઢ
સામાવાળા નં.૨ તરફે : વિ.વ.શ્રી આર.સી.સોની

## - ચૂકાદો -

**(૧)** સદર કામના અરજદારોએ આ કામના ઉકત સામાવાળાઓ વિરુદધ કામદાર વળતર ધારો ૧૯૨૩ (કે જેને હવે પછી કાયદો કહેવામાં આવશે)અન્વયે ગુજરનાર **શાંતાબેન નાથુજી વણઝારાનુ** અકસ્માત મૃત્યુ થતાં, અકસ્માત મૃત્યુ વળતરની રકમ

રૂા.૨,૭૧,૧૦૪/– (રૂપિયા બે લાખ ઈકોતેર હજાર એકસો ચાર પૂરા) તથા પેનલ્ટી તથા વ્યાજ સહિત મેળવવા માટે હાલની અરજી મજૂર અદાલત પાલનપુર સમક્ષ દાખલ કરવામાં આવેલ છે.

**(૨)** સદર કામના અરજદારની આંક.૧ ની અરજીની ટૂંકમાં હકીકત જોઈએ તો, આ કામના મર્હુમ શાંતાબેન નાથુજી વણઝારા અરજદારન નં.૧ ના પત્ની તેમજ નં.ર થી પ. વાળાના માતૃશ્રી છે. તેઓ આ કામના સામાવાળા નં.૧, અંબાજી ભોજનાલયમાં ૧૯૯૬ થી અનાજ સાફ કરવાનું કામ કરતા હતા અને તેમને દરરોજના રૂા.૧૮૭/– પ્રમાણે મહેનતાણું મળતું હતુ. અને એ રીતે માસિક રૂા.૪,૦૦૦/– કમાતા હતા. તા.૦૨..૧૧.૧૨ ના રોજ શ્રી અંબિકા ભોજનાલય ગોડાઉનમાં ગુજરનાર શાંતાબેન અનાજ સાફ કરવાનું કામ કરતા હતા.ત્યારે ઉપરથી જે કટ્ટા ગોઠવેલા હતા તે ગુજરનારના માથે પડતાં તેમને ગંભીર ઈજાઓ થયેલ. જેની જાણ અંબાજી પોલીસ સ્ટેશનને કરતાં પોલીસે તાત્કાલિક તપાસ કરેલ હતી. આ કામના સામાવાળા નં.૧ તરફથી વર્કમેન કમ્પેન્સેશન એકટ નીચેનો વીમો સામાવાળા.નં.ર ન્યૂઈન્ડિયા એસ્યોરન્સ કંપનીનો વીમો લીધો હતો અને અકસ્માત ની જાણ પણ તાત્કાલિક કરવામાં આવેલ હતી. જે જાણ અરજદાર નં.૧ તરફથી કરવામાં આવેલી હતી અને જરૂરી તમામ પેપર્સ પણ મોકલવામાં આવેલ હતા. અકસ્માત થતાં જ આ કામના ગુજરનારને તાત્કાલિક પ્રાથમિક સારવાર કોટેજ હોસ્પિટલ અંબાજી મુકામે ત્યારબાદ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરવાામાં આવેલા. ગુજરનાર શાંતાબેનને છાતીના ભાગે, જમણા પગે ઢીંચણ સુધી અને હાથ ઉપર ઈજાઓ થયેલ હતી. અને છાતીનો ભાગ કુલી ગયેલ હતો. રજા આપતા ઘરે લાવેલા પરંતુ ત્યારબાદ અચાનક તબિયત બગડી જતાં તાત્કાલિક કોટેજ હોસ્પિટલ અંબાજી મુકામે અંદરના દર્દી તરીકે દાખલ કરેલ હતાા. અને તેમનુ તા.૨૧.૧૧.૨૦૧૨ ના રોજ ગંભીર ઈજાઓના કારણે અવસાન થયેલ. આ અકસ્માત સમયે શાંતાબેનની ઉંમર ૪પ વર્ષની હતી. અને દૈનિક રૂા.૧૮૭/– પ્રમાણે માસિક પગાર રૂા.૫૬૧૦/–કમાતા હતા. પરંતુ વર્કમેન કમ્પેન્સેશન પ્રમાણે વધુમાં વધુ માસિક રૂા.૪,૦૦૦/–(અંકે રૂપિયા ચાર હજાર પુરા) પૂરા

પગારના ૪૦ % ગણતાં રૂા.૧,૬૦૦/–થાય અને તેને મલ્ટીપ્લાયર રીલેવન્ટ ફેકટર અનુસાર ૧૬૯.૪૪ નો ગુણતાં રૂા.૨,૭૧,૧૦૪/– નુ વળતર તથા તે ઉપર ૧૮ % વ્યાજ તથા ૫૦ % રકમ પેનલ્ટી મેળવવા અરજદાર હકદાર છે. અરજદારને થયેલ અકસ્માતની સામા.નં.૧ તથા સામા.નં.૨ ને જાણ છે તેમ છતાં કોઈ જાતનું વળતર ચૂકવેલ ન હોય, વળતર રકમ ચૂકવવા સામાવાળાઓને તા.૨૮.૦૪.૧૪ ના રોજ રજી. એડીથી નોટિસ મોકલી જે નોટિસ સામાવાળાઓને બજી ગયેલ હોવા છતાં, વર્ક.કોમ્પે. એકટની જોગવાઈઓ પ્રમાણે વરતર રકમ જમા કરાવેલ ન હોય, સામાવાળાઓ વળતરની રકમના ૫૦ % રકમ પેનલ્ટી રકમ ચૂકવવા જવાબદાર છે. સબબ વિનંતી કરવાની કે, અરજદાર સામાવાળા સંસ્થામાં ફરજ બજાવતા અકસ્માતમાં ગંભીર ઈજાઓના કારણે મૃત્યુ થયેલ હોય, રૂા.૨,૭૧,૧૦૪/– (રૂપિયા બે લાખ ઈકોતેર હજાર એકસો ચાર પૂરા) અકસ્માત તારીખથી સદરહુ રકમ વસુલ થાય ત્યાં સુધી ૧૮ % ચઢતા વ્યાજ સાથે વસૂલ અપાવવા તથા પેનલ્ટીની રકમ ૫૦ % પ્રમાણે રૂા.૧,૩૫,૫૫૨/– (રૂપિયા એક લાખ પાંત્રીસ હજાર પાચસો બાવન પૂરા) અકસ્માત તારીખથી ૧૮ % ચઢતા વ્યાજ સાથે સામાવાળાઓ પાસેથી વસૂલ અપાવવા તથા અરજીનો તમામ ખર્ચ, અને બીજી યોગ્ય અને વ્યાજબી દાદ આપવા ન્યાયના હિતમાં અરજ ગુજારેલ છે.

(૩) સદર કામે અરજદારની અરજી અન્વયે સામાવાળાઓને ધોરણસરની નોટિસ બજાવવામાં આવેલ છે જે અનવયે સામાવાળા નં.૧ તરફે આંક.૩૪ થી તેમનો લેખિત જવાબ રજૂ કરેલ છે. જેની ટૂંકમાં હકીકત જોઈએ તો, અરજદારની અરજીમાં જણાવેલ તમામ વિધાનો સ્વીકાર કર્યા સિવાયની તમામ હકીકતો મંજૂર કરતા નથી. અરજદારની અરજીની પેરા નં.૧ થી ૪ ની હકીકત ખરી નથી અરજદારની અરજીના પેરા નં.૫,૬,૮ ની હકીકત ફોર્મલ છે. આ કામે ખરી હકીકત એવી છે કે, અરજદાર નં.૧ ના પત્ની અને અરજદારન નં.૨ થી ૫ ના માતૃશ્રી ગુજરનાર શાંતાબેન વણઝારા અંબિકા ભોજનાલયમાં દૈનિક વેતનથી યાત્રાળુઓની સગવડ માટે જરૂર પડે અન્ય મજૂરોની જેમ અનાજ સાફ કરવા બોલાવતા હતા પરંતુ અરજદારો જણાવે છે એ રીતે શાંતાબેન કોઈ કાયમી કર્મચારી હતા નહિ. કે નિયમિત

રીતે ભોજનાલયમાં મજૂરીએ બોલાવવામાં આવતા નહિ. તા.૦૨.૧૧.૧૨ ના રોજ કહેવાતા બનાવ સંબંધે સામાવાળા નં.૧ વાળાની કોઈ જવાબદારી પ્રસ્થાપિત થતી નથી. કહેવાતા બનાવમાં ગુજરનારને સામાન્ય ઈજાઓ થયેલી. અને પ્રા. સારવાર આપી ઘરે લઈ ગયેલા અને ત્યારબાદ ગુજરનારની સારવાર પછી અરજદારોએ તેમની સેવાચાકરી કરેલ ન હોવાથી બેદરકારીના કારણે તેમજ સમયસર નિષ્ણાત ડોકટર પાસે સારવાર ન લેવાના કારણે તા.૨૧.૧૧.૧૨ ના રોજ અકસ્માતના ૨૦ દિવસ પછી મૃત્યુ પામેલા તે અંગેના મેડિકલ સારવારના સર્ટીફિકેટ જોતાં ડોકટરશ્રીએ જણાવેલ છે કે, કહેવાતા અકસ્માતમાં થયેલ ઈજાઓના કારણે મરણ જનારનું મૃત્યુ થયેલ નથી. આથી સામાવાળા નં.૧ની કોઈ જવાબદારી પ્રસ્થાપિત થતી નથી. વિકલ્પે આ કામે અંબિકા ભોજનાલયમાં કામ કરતા દૈનિક વેતનના મજૂરોનો વીમો લીધેલો હોવાથી સામાવાળા નં.૨ ગુજરાનારના અરજદારોને વળતર ચૂકવવા જવાબદાર છે. આ કામના અરજદારોની વળતર અરજી નિયત સમય-મર્યાદામાં દાખલ કરેલ ન હોય, તેમજ અકસ્માત સમયે જ ઈજા પામનારનું મૃત્યુ થયેલ ન હોય, અરજદારોની અરજી રદ કરવા હુકમ થવા તેમજ નામ.કોર્ટને યોગ્ય અને મુનાસીફ લાગે તેવી દાદ અપાવવા અરજ કરેલ છે.

(૪) સદર કામે સામાવાળા નં.૨ વીમા કંપનીએ આંક.૧૯ થી તેમનો લેખિત જવાબ રજૂ કરેલ છે. જેની ટૂંકમાં હકીકતો જોઈએ તો, અરજદારની અરજી ખરી ન હોય, કબુલ કરતા નથી. અરજદારની અરજીની તમામ હકીકતો આ સામાવાળાએ નકારી કાઢેલ છે. આ કામના સામાવાળાએ વીમા પોલીસીની શરતોનો ભંગ કરેલ છે. આ કામ અરજદારોએ કાયદેસરના પ્રતિનિધિઓને આ કામમાં જોડેલ નથી. જેથી અરજદારની અરજી ખર્ચ સહિત રદ થવા પાત્ર છે. એ હકીકતોનો ઈનકાર કરવામાં આવે છે કે, ગુજરનાર શાંતાબેન વણઝારા સામાવાળા નં.૧ ને ત્યાં કામદાર હતા અને તેઓ ડબલ્યુ.સી. પોલીસી હેઠળ કવર થતા હતા. એ હકીકતોનો પણ ઈનકાર કરવામાં આવે છે કે, ગુજરનાર શાંતાબેન વણઝારા સામાવાળા નં.૧ ને ત્યાં ૧૯૯૬ થી અનાજ સાફ કરવાની કામગીરી કરતા હતા અને તેઓને દરરોજના રૂા.૧૮૭/- મહેનતાણા પેટે માસિક રૂા.૪,૦૦૦/- ચૂકવવામાં આવતા હતા

એ હકીકતનો પણ ઈનકાર કરવામાં આવે છે તા.૦૨.૧૧.૧૨ ના રોજ અંબિકા ભોજનાલયના ગોડાઉનમાં અનાજ સાફ કરવાનુ કામ કરતા હતા ત્યારે ઘઉના કટ્ટા તેઓના માથે પડતાં તેમને ગંભીર ઈજાઓ થયેલ, જે અંગેનો પોલીસ સ્ટેશનમાં પણ રીપોર્ટ કરવામાં આવેલો તથા અકસ્માત થતાં, આ કામના શાંતાબેનને તાત્કાલિક પ્રાથમિક સારવાર કોટેજ હોસ્પિટલ અંબાજી મુકામે આપવામાં આવેલ અને ત્યારબાદ પાલનપુર મુકામે સિવિલ હોસ્પિટલમાં આપવામાં આવેલ. અને ત્યારબાદ પાલનપુર મુકામે સિવિલ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરેલા એ હકીકતોનો ઈનકાર કરવામાં આવે છે કે ગુજરાનાર શાંતાબેનને છાતીના ભાગે, જમણા પગે ઢીંચણ સુધી અને હાથ ઉપર ઈજાઓ થયેલ એ હકીકતનો પણ ઈનકાર કરવામાં આવે છે કે તેઓને રજા આપતા ઘરે લાવેલા એ હકીકતનો પણ ઈનકાર કરવામાં આવે છે કે, તેણીની તબિયત અચાનક ખરાબ થઈ જતાં તા.૨૧.૧૧.૨૦૧૨ના રોજ તેણીનું અકસ્માતના કારણે ગંભીર ઈજાઓના કારણે અવસાન થયેલ. એ હકીકતોનો ઈનકાર કરવામાં આવે છે તેણીની ઉંમર ૪૫ વર્ષની હતી. અને તેણીનો માસિક પગાર રૂા.૪,૦૦૦/-(અંકે રૂપિયા ચાર હજાર પુરા) ગણતાં તેના વારસદારો વળતરની રકમ રૂા.૨,૭૧,૧૦૪/- મેળવવા હકદાર થાય છે. એ હકીકતનો પણ ઈનકાર કરવામાં આવે છે કે તેઓ ૧૮ % વ્યાજ તથા ૫૦ % પેનલ્ટી રકમ વળતરની રકમ સાથે મેળવવા હકદાર થાય છે. સદર કામે ગુજરનારને અવસાન અકસ્માતમાં થયેલ ઈજાઓના કારણે થયેલ નથી પરંતુ, તેણીને ઝાડા થવાથી થયેલ હોય, તેવુ ગુજરનારના પોસ્ટમોર્ટમના છેલ્લા કોલમના કોઝ ઓફ ડેથમાં જણાવેલ છે જેથી આ કામના અરજદારો વળતરની કોઈ રકમ મેળવવા હકદાર થતા ન હોય, અરજદારની અરજી રદ કરવાની માગણી કરેલ છે.

(૫) સદર કામે અરજદાર તરફે આંક.૯ થી સુરેશભાઈ નાથુજીનું જુબાની સ્વરૂપે સોગંદનામુ રજૂ કરવામાં આવેલ છે. તથા અરજદાર તરફે સાહેદશ્રી નાથુજી મંગાજી વણઝારાનું જુબાની સ્વરૂપે સોગંદનામું રજૂ કરવામાં આવેલ છે. તથા અરજદાર તરફે આંક. ૭ તથા ૧૧ થી દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. જેમાં ગુજરનારની સારવારના બીલો

તેમજ આંક.૪૪ થી ફરિયાદની પ્રમાણિત નકલ, આંક.૪૫ થી પંચનામાની પ્રમાણિત નકલ,આંક.૪૬ થી પંચનામાની પ્રમાણિત નકલ,આંક.૪૭ થી મરણોત્તર પંચનામાની પ્રમાણિત નકલ, આંક.૪૮ થી પોસ્ટમોર્ટમના રીપોર્ટની પ્રમાણિત નકલ, આંક.૪૯ થી સર્ટીફિકેટ તથા આંક.૫૦ થી એમ.એલ.સી. નં.૬૯૬/૧૨ વગેરે રજૂ કરેલ છે. અને અરજદાર તરફથી આંક.૧૬ થી પુરાવો બંધ જાહેર કરેલ છે. જયારે સામાવાળાનં.૧ તરફથી સાહેદશ્રી હરેશકુમાર નાથાલાલ મોદીનું આંક.૩૬ થી જુબાની સ્વરૂપે સોગંદનામુ રજૂ કરવામાં આવેલ છે. તથા સામા.નં.૧ તરફે આંક.૪૦ થી પુરાવા બંધની પુરસીસ આપેલ છે. જયારે સામાવાળા નં.ર તરફે સાહેદશ્રી ડોકટર રાકેશકુમાર મફતલાલ પટેલ ની જુબાની આંક.૪૮ થી નોંધવામાં આવેલ છે. તથા સામાવાળા નં.ર તરફે આંક.૫૦ થી પુરાવા બંધની પુરસીસ આવેલ છે. ત્યારબાદ મજકૂર કામ દલીલ પર રાખવામાં આવેલ. સદર કામે અરજદાર તથા સામાવાળા નં.ર વીમા કંપનીએ રજૂ કરેલ લેખિત દલીલો વંચાણમાં લીધી.તથા સામાવાળા નં.૧ ના વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી. સદર કામમાં નામદાર કમિશનરે આંક.૮ થી ન્યાય-નિર્ણય માટે જે મુદ્દાઓ ઉપસ્થિત કરેલ તે નીચે મુજબ છે.

(૬) મુદ્દાઓ :-

૧ : શું અરજદારો સાબિત કરે છે કે, મર્હુમ સ્વ. શાંતાબેન નાથુજી વણઝારા અને સામાવાળા નં.૧ વચ્ચે કામદાર - માલિકનો સંબંધ હતો ?

ર : શું અરજદારો સાબિત કરે છે કે, મર્હુમ સ્વ. શાંતાબેન નાથુજી વણઝારા સામાવાળાની ફરજ ઉપર હતા તે દરમિયાન અકસ્માત થતાં તા.ર૧.૧૧.૧ર ના રોજ ગુજરી ગયેલા ?

૩ : શું અરજદારો સામાવાળા પાસેથી અકસ્માત વળતરની રકમ મેળવવા હકદાર થાય છે ?જો ''હા'', તો કેટલી રકમ ?

૪ : શું અરજદારો સામાવાળા પાસેથી વળતર ઉપરાંત પેનલ્ટી વ્યાજ અને

ખર્ચની રકમ મેળવવા હકદાર થાય છે. ?

૫ : શું હુકમ ?

(૭) મારા ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧ : હકારમાં

૨ : નકારમાં

૩ : નકારમાં

૪ : નકારમાં

૫ : આખરી હુકમ મુજબ

**-: કારણો :-**

(૮) સદર કામે અરજદારોના વિ.વકીલશ્રી દલીલ કરતાં જણાવે છે કે, આ કામના અરજદાર નં.૧ ના પત્ની અને અરજદાર નં.૨ થી નં.૨ થી ૫. વાળાના માતૃશ્રી શાંતાબેન નાથુજી વણજારા સને ૧૯૯૬ ના અરસામાં અંબાજી ભોજનાલયમાં અનાજ સાફ કરવાનું કામ કરતા હતા અને તેમને દરરોજના રૂા.૧૮૭/-પ્રમાણે મહેનતાણું મળતું હતુ. અને એ રીતે માસિક રૂા.૪,૦૦૦/-થી વધુ કમાતા હતા. તા.૦૨.૧૧.૧૨ ના રોજ શ્રી અંબિકા ભોજનાલય ગોડાઉનમાં ગુજરનાર શાંતાબેન અનાજ સાફ કરવાનું કામ કરી રહેલ હતા. ત્યારે સવારના ૧૧.૦૦ થી ૧૨.૦૦ વાગ્યાની વચ્ચે શ્રી અંબાજી ભોજનાલય ગોડાઉનમાં ઘઉંના કટ્ટા સાફ કરતા હતા ત્યારે ઉપરથી જે કટ્ટા ગોઠવેલા હતા તે ગુજરનારના માથે પડતાં તેમને ગંભીર ઈજાઓ થયેલ. આ બનાવ અંગે અંબાજી પોલીસ સ્ટેશન ખાતે પણ જાણ કરવામાં આવેલ હતી. આ કામના સામાવાળા નં.૧ તરફથી વર્કમેન કમ્પેન્સેશન એકટ નીચેનો વીમો સામાવાળા.નં.૨ ન્યૂ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિ. પાસેથી લીધેલ હતો અને અને અકસ્માતની જાણ પણ તાત્કાલિક કરવામાં આવેલ હતી. જે જાણ અરજદાર નં.૧ તરફથી કરવામાં આવેલી હતી અને જરૂરી તમામ પેપર્સ પણ મોકલવામાં આવેલ હતા. અકસ્માત થતાં જ આ કામના શાંતાબેનને તાત્કાલિક પ્રાથમિક સારવાર કોટેજ હોસ્પિટલ

અંબાજી મુકામે ત્યારબાદ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરવાામાં આવેલા ઉપરોકત અકસ્માતમાં ગુજરાનાર શાંતાબેનને છાતીના ભાગે, જમણા પગે ઢીંચણ સુધી અને હાથ ઉપર ઈજાઓ થયેલ હતી. અને છાતીનો ભાગ ફુલી ગયેલ હતો. અને અંદરના દર્દી તરીકે દાખલ કર્યા બાદ તેમને રજા આપતા ઘરે લાવેલા હતા. પરંતુ ત્યારબાદ તેમની અચાનક તબિયત બગડી જતાં તાત્કાલિક કોટેજ હોસ્પિટલ અંબાજી મુકામે અંદરના દર્દી તરીકે દાખલ કરેલ હતા. અને તેમનુ તા.૨૧.૦૧.૨૦૧૨ ના રોજ અવસાન થયેલ. આ અવસાન તેમને થયેલ ગંભીર ઈજાઓના કારણે થયેલ હતુ. આ અકસ્માત સમયે ગુજરનાર શાંતાબેનની ઉંમર ૪૫ વર્ષની હતી. અને દૈનિક રૂા.૧૮૭/- પ્રમાણે માસિક પગાર રૂા.૫,૬૧૦/- કમાતા હતા. પરંતુ વર્કમેન કમ્પેન્સેશન પ્રમાણે વધુમાં વધુ માસિક રૂા.૪,૦૦૦/-(અંકે રૂપિયા ચાર હજાર પુરા) પગારના ૪૦ % ગણતાં રૂા.૧,૬૦૦/- થાય અને તેને મલ્ટીપ્લાયર રીલેવન્ટ ફેકટર અનુસાર ૧૬૯.૪૪ નો ગુણતાં રૂા.૨,૭૧,૧૦૪/- નુ વળતર તથા તે ઉપર ૧૮ % વ્યાજ તથા ૫૦ % લેખે પેનલ્ટી મેળવવા પણ અરજદારો હકદાર છે. જેથી, અરજદારો વળતરની રકમ વ્યાજ તથા પેનલ્ટી સહિત મેળવવા હકદાર હદય, તે મુજબ હુકમ કરવાની ન્યાયના હિતમાં માગણી કરેલ છે. સદર કામે અરજદારના વકીલશ્રી તેઓની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરેલ છે. (૧) નામદાર ગુજરાત હાઈકોર્ટ ૧૯૮૭(૨) જી.એલ.આર. પાના નં.૪૩, (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટ ૧૯૮૭(૨) એ.સી.જે. પાના નં.૪૬૭, (૩) નામદાર ગુજરાત હાઈકોર્ટ (૨૦૦૦) કે.સી.સી.આર. ૨૦૦૧, (૪) નામદાર ગુજરાત હાઈકોર્ટ ૧૯૮૯ એ.સી.જે. પાના નં.૮૫૪ ચુકાદાઓ રજૂ કરેલ છે.

(૯) જયારે આ કામે સામા.નં.૧ ના વિ.વ.શ્રી દલીલ કરતાં જણાવે છે કે, આ કામના અરજદારના મર્હુમ પત્ની શાંતાબેનને સંસ્થામાં દૈનિક વેતનથી યાત્રાળુઓની સગવડ માટે જરૂર પડે અન્ય મજૂરોની જેમ અનાજ સાફ કરવા બોલાવતા હતા, પરંતુ ગુજરનાર શાંતાબેન કોઈ કાયમી કર્મચારી હતા નહિ. કે તેઓને નિયમિત રીતે મજૂરી માટે બોલાવતા નહિ. તા.૦૨.૧૧.૧૨ ના રોજ કહેવાતા બનાવ સંબંધે સંસ્થાની કોઈ જવાબદારી પ્રસ્થાપિત

થતી નથી. સદર બનાવમાં ગુજરનાર શાંતાબેનને ઈજાઓ થયેલી. જેથી પ્રાથમિક સારવાર આપી હાલના અરજદારો શાંતાબેનને તેમના ઘરે લઈ ગયેલા ત્યારબાદ આ અરજદારોએ ગુજરનાર શાંતાબેનની ડોકટરી સલાહ મુજબ ઘરે સારવારમાં કાળજી રાખેલી નહિ. જેથી તેઓની બેદરકારીના કારણે તેમજ સમયસર નિષ્ણાત ડોકટર પાસે સારવાર લીધેલ ન લેવાના કારણે લીધે અકસ્માતના ૨૦ દિવસ પછી ઈજા પાકનાર શાંતાબેન મૃત્યુ પામેલા તેમજ કહેવાતા અકસ્માતમાં થયેલ ઈજાઓના કારણે ગુજરનારનું મૃત્યુ થયેલ નથી.જેથી અરજદારની સદર વળતર અરજી ચાલી શકે તેમ ન હોય, અરજદારો અરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર ન હોય, વળતર અરજી રદ કરવાની માંગણી કરેલ છે.

(૧૦ ) જયારે સદર કામે સામાવાળા નં.ર વીમા કંપનીના વિ.વકીલશ્રી દલીલ કરતાં જણાવે છે કે, સદર કામના ગુજરનાર કામદાર સામાવાળ નં.૧ ના કામદાર હોવા બાબતે કે પગાર મેળવવા બાબતે કોઈ આઘાર પુરાવો રજૂ કરેલ નથી તથા ગુજરનાર કામદાર જે કહેવાતા અકસ્માતના બનાવના કારણે ઈજાઓના કારણે અવસાન થયેલ નથી. તેમજ ગુજરનાર કામદારનું તેઓની ફરજ દરમિયાન થયેલ અકસ્માતની ઈજાઓના કારણે થયેલ નથી. પરંતુ ગુજરનારને ઝાડા થવાથી અને શરીરમાં પાણી ઘટી જવાથી મરણ પામેલ છે. આ માટે મર્હુમની પી.એમ નોટના છેલ્લા કોલમમાં કોઝ ઓફ ડેથમાં આ બાબત જણાવવામાં આવેલ છે. તેમજ આ હકીકત પુરવાર કરવા માટે અમોએ પી.એમ કરનાર ડોકટર આર.એમ.પટેલ, મેડિકલ ઓફિસર, અંબાજી કોટેજ હોસ્પિટલ અંબાજીનો પુરાવો આંક.૪૮ થી લીધેલ છે. તેમજ પી.એમ નોટની હકીકતોને વિગતથી જણાવેલ છે. સામાન્ય રીતે કોઈપણ સરકારી હોસ્પિટલમાં પેશન્ટને લઈ જવામાં આવે ત્યારે પેશન્ટને તપાસીને તેની સારવાર કરવામાં આવે છે. જો સારવારની પુરેપુરી સુવિદ્યા અને ડોકટર ઉપલબ્ઘ ન હોય તો હાયર સેન્ટર ઉપર પેશન્ટને રીફર કરવામાં આવે છે. જો સારવાર કરવામાં આવે તો પેશન્ટ સાજો થયા બાદ તેને જરૂરી સૂચનાઓ આપીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે છે. આ કેસમાં મર્હુમને અંબાજીથી પાલનપુર રીફર કરવામાં આવેલા ત્યારબાદ તેમને પાલનપુર જનરલ હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર કરવામાં આવેલી અને તેઓ

સાજા થતા તેમને રજા આપવામાં આવેલી. પરંતુ ત્યારબાદ ઝાડા થવાથી અને શરીરમાં પાણી ઘટી જવાથી તેમનું મરણ કુદરતી થયેલ છે. તેમાં અકસ્માતથી થયેલ ઈજાઓ સાથે કોઈ સંબંધ નથી. જેથી આ કામના અરજદારો અમારી પાસેથી કોઈપણ પ્રકારનું વળતર મેળવવા હકદાર નથી. કારણ કે મર્હુમનું મરણ કુદરતી રીતે થયેલ હોવાથી અરજદારોની અરજી રદ કરી ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

**(૧૧)** સદર કામે બંને પક્ષકારોની દલીલો ઘ્યાને લેતાં સદર કામે બંને પક્ષકારોના જે મૌખિક પુરાવા લેવામાં આવેલ છે. તેનો અભ્યાસ કરવો જરૂરી બની જાય છે. સદર કામે અરજદાર સુરેશભાઈ નાથુજી વણઝારાનુ આંક.૯ ની જુબાની સ્વરૂપે સોગંદનામુ રજૂ કરવામાં આવેલ છે. સદર સોગંદનામાં અરજદાર જણાવે છે કે, તેઓના માતૃશ્રી શાંતાબેન ૧૯૯૬ ના અરસામાં અંબાજી ભોજનાલયમાં અનાજ સાફ કરવાનું કામ કરતા હતા અને તેમને દરરોજના રૂા.૧૮૭/– પ્રમાણે મહેનતાણું મળતું હતુ. અને એ રીતે માસિક રૂા.૪,૦૦૦/– કમાતા હતા. તા.૦૨.૧૧.૧૨ ના રોજ શ્રી અંબિકા ભોજનાલય ગોડાઉનમાં ગુજરનાર શાંતાબેન અનાજ સાફ કરવાનું કામ કરતા હતા. ત્યારે સવારના ૧૧.૦૦ થી ૧૨.૦૦ વાગ્યાની વચ્ચે શ્રી અંબાજી ભોજનાલય ગોડાઉનમાં ઘઉંના કટ્ટા સાફ કરતા હતા ત્યારે ઉપરથી જે કટ્ટા ગોઠવેલા હતા તે ગુજરનારના માથે પડતાં તેમને ગંભીર ઈજાઓ થયેલ હતી. આ બનાવની જાણ અંબાજી પોલીસ સ્ટેશનને પણ જાણ કરવામાં આવેલ હતી. અને તેની પોલીસે તાત્કાલિક તપાસ કરેલ હતી. આ કામના સામાવાળા નં.૧ તરફથી વર્કમેન કમ્પેન્સેશન એકટ નીચેનો વીમો સામાવાળા.નં.૨ ન્યૂ ઈન્ડિયા એસ્યોરન્સ કંપની લિ.નો વીમો લીધેલ હતો અને અને અકસ્માતની જાણ પણ તાત્કાલિક કરવામાં આવેલ હતી. જે જાણ અરજદાર નં.૧ તરફથી કરવામાં આવેલી હતી અને જરૂરી તમામ પેપર્સ પણ મોકલવામાં આવેલ હતા. અકસ્માત થતાં જ આ કામના ગુજરનાર શાંતાબેનને તાત્કાલિક પ્રાથમિક સારવાર કોટેજ હોસ્પિટલ અંબાજી મુકામે ત્યારબાદ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરેલ હતા. ઉપરોકત અકસ્માતમાં ગુજરાનાર શાંતાબેનને છાતીના ભાગે, જમણા પગે ઢીંચણ સુધી અને હાથ

ઉપર ઈજાઓ થયેલ હતી. અને છાતીનો ભાગ ફુલી ગયેલ હતો. બાદ રજા આપતા ઘરે લાવેલા પરંતુ અચાનક તબિયત બગડી જતાં તાત્કાલિક કોટેજ હોસ્પિટલ અંબાજી મુકામે અંદરના દર્દી તરીકે દાખલ કરેલ હતા. અને તેમનુ તા.૨૧.૧૧.૨૦૧૨ ના રોજ ગંભીર ઈજાઓના કારણે અવસાન થયેલ. આ અવસાન તેમને થયેલ ગંભીર ઈજાઓના કારણે થયેલ હતુ. અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૪૫ વર્ષની હોય, અને ગુજરનારનો માસિક પગાર રૂા.૪,૦૦૦/-(અંકે રૂપિયા ચાર હજાર પુરા) ગણતાં આ અરજદારો વળતરની રકમ રૂા.૨,૭૧,૧૦૪/- કાયદેસર રીતે મેળવવા હકદાર થાય છે. તથા વળતર ઉપર ૧૮ % વ્યાજ તથા ૫૦ % લેખે પેનલ્ટી પણ મેળવવા હકદાર છીએ આ અરજદારોએ અરજદારને થયેલ અકસ્માતની જાણ સામાવાળાઓને કરવા છતાં વળતરની રકમ ચૂકવવામાં આવેલ નથી. આ અરજદારોએ વળતરની રકમ વ્યાજ તથા દંડ સહિત સામાવાળાઓ ચૂકવવા જવાબદાર છે. સદર કામે સામાવાળા નં.૨ ના વકીલશ્રીએ સદર અરજદારની ઉલટતપાસમાં અરજદારે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓના મમ્મીને અંબાજી સરકારી હોસ્પિટલ ખાતેથી પાલનપુર સિવિલ હોસ્પિટલ લાવેલ અને અંદરના દર્દી તરીકે દાખલ કરેલા તેઓના મમ્મીને સિવિલ હોસ્પિટલમાં ૧૦ દિવસ રાખેલ. એ વાત ખરી છે કે, સિવિલ હોસ્પિટલના ડોકટરશ્રીએ પ્લાસ્ટર કરેલ અને ૧૫ દિવસ પછી બતાવવા આવવાનું જણાવેલ. એ વાત ખરી છે કે, તેઓના મમ્મી ગુજરી ગયા તેના આગલા દિવસે રાત્રે તેઓને તકલીફ થતાં અંબાજી હોસ્પિટલમાં લઈ ગયેલા અને સવારે તેઓ ગુજરી ગયેલા. એ વાત ખરી નથી કે, તેઓના મમ્મીના શરીરમાંથી પાણી ઓછુ થઈ જવાના કારણે અવસાન થયેલ. આમ અરજદારની જુબાનીમાં આવેલ હકીકતો ધ્યાને લેતાં ગુજરનાર શાંતાબેન સામાવાળા નં.૧ ને ત્યાં મજૂરી કરતા હતા ત્યારે તા.૦૨.૧૧.૨૦૧૨ ના રોજ અનાજ સાફ કરવાની કામગીરી કરતા હતા. ત્યારે ઉપરથી જે કટ્ટા ગોઠવેલા હતા તે ગુજરનારના માથે પડતાં તેમને ગંભીર ઈજાઓ થયેલ ગુજરનારને કોટેજ હોસ્પિટલ, અંબાજી પ્રા.સારવાર આપેલ. ત્યારબાદ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરેલ આ અકસ્માતમાં ગુજરાનારને હાથે-પગે ફ્રેકચર થયેલ. અને સિવિલ હોપિટલના ડોકટરે પ્લાસ્ટર કરેલ અને રજા આપતાં ઘરે લાવેલ ત્યારબાદ ગુજરનારની

તબિયત લથળી જતાં અંબાજી મુકામે કોટેજ હોસ્પિટલ, દાખલ કરેલ અને તા.૦૨.૧૧.૧૨ ના રોજઅવસાન થયેલ.

**(૧૨)** સદર કામે નાથુજી મંગાજી વણઝારાનુ આંક.૧૩ થી જુબાની સ્વરૂપે સોગંદનામુ રજૂ કરવામાં આવેલ છે. અને સદર સોગંદનામાં તેઓએ તેમની અરજીની હકીકતોને સમર્થન આપેલ છે. અરજદારની સામા.નં.ર વીમા કંપનીએ ઉલટતપાસ કરેલ છે. સદર ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, અકસ્માતનો બનાવ બન્યો ત્યારે તેઓ તેઓની મજૂરીની જગ્યાએ હોય, તેઓએ બનાવ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, તેઓના પત્નીને પાલનપુર સિવિલ હોસ્પિટલમાંથી હાથે પગે ફ્રેકચર હોય, પાટા બાંધીને રજા આપી દીધેલ. એ વાત ખરી છે કે, ડોકટર સાહેબે ૧૫ દિવસ પછી બતાવવા આવવાનું જણાવેલ. એ વાત ખરી છે કે, તેઓના પત્નીને સિવિલમાંથી રજા આપી ત્યારે હાથે પગે સિવાય કોઈ તકલીફ ન હતી. એ વાત ખરી છે કે, ગુજરી ગયાના એક બે દિવસથી તેઓના પત્નીની તબિયત બગડેલ અને તેઓને અંબાજી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા અને ત્યાં તેઓ ગુજરી ગયેલા. એ વાત ખરી છે કે, તેઓના પત્નીને ઘરે ઝાડા બહુ થતાં અંબાજી સરકારી હોસ્પિટલમાં લઈ ગયેલ.જયારે સદર કામે સામાવાળા નં.૧ ના વકીલ દવારા સદર અરજદારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદર ઉલટતપાસમાં અરજદારે જણાવેલ છે કે, ગુજરનાર શાંતાબેનને કહેવાતી ઈજાઓ સંબંધે દાખલ કરેલા અને તબિયત સારી થતાં દવાખાનામાંથી રજા આપેલી એ વાત ખરી છે. ગુજરનાર શાંતાબેનને દવાખાનાથી ઘરે લાવ્યા પછી આશરે દસેક દિવસ પછી અવસાન પામેલા એ વાત ખરી છે. ગુજરનાર શાંતાબેનની જે દિવસે તબિયત બગડી અને દવાખાને લાવેલા તે જ દિવસ તેઓ અવસાન પામેલા તે વાત ખરી છે. આમ, અરજદારની જુબાનીમાં આવેલ હકીકતો અવલોકનમાં લેતાં અરજદારના ગુજરનાર પત્ની શાંતાબેન સામાવાળા નં.૧ ને ત્યાં અનાજ સાફ કરવાની કામગીરી કરતા હતા. ત્યારે કટ્ટા પડવાથી ગુજરનારના માથે ગંભીર ઈજાઓ થયેલ જેથી તેઓને પહેલાં અંબાજી મુકામે કોટેજ હોસ્પિટલ, અંબાજી સારવાર આપવામાં આવેલ. ત્યારબાદ તેઓને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં અંદરના

દર્દી તરીકે દાખલ કરવામાં આવેલ અને અકસ્માત થયો ત્યારે ગુજરાનારને હાથે–પગે ફ્રેકચર થયેલ. અને ત્યાંથી ડોકટરે રજા આપી દીધેલ. ત્યારબાદ ૨૦ દિવસ પછી ગુજરનાર કામદારને ઘરે ઝાડાઉલટી થતાં અંબાજી સરકારી હોસ્પિટલ દાખલ કરેલા અને ત્યાં તા.૨૧.૧૧.૧૨ ના રોજ અવસાન થયેલ.

**(૧૩)** સદર કામે સામાવાળા નં.૧ તરફે સાહેદશ્રી હરેશકુમાર નાથાલાલ મોદીનું આંક.૩૬ ની જુબાની સ્વરૂપે સોગંદનામુ રજૂ કરવામાં આવેલ છે. તેમાં તેઓના જણાવ્યા પ્રમાણે અરજદારના મર્હુમ પત્ની શાંતાબેન અંબાજી ભોજનાલયમાં જરૂર પડે ત્યારે અનાજ સાફ કરવાની કામગીરી માટે બોલાવે ત્યારે આવતા હતા તા.૦૨.૧૧.૧૨ ના રોજ કહેવાતા બનાવ સંબંધે તેઓની કોઈ જવાબદારી થતી નથી. સદર બનાવમાં શાંતાબેનને સામાન્ય ઈજાઓ થયેલ હતી. જેથી શાંતાબેનને પ્રાથમિક સારવાર આપી આ અરજદારો તેઓના ઘરે લઈ ગયેલા. ત્યારબાદ અરજદારોએ તેઓની જરૂરી કાળજી ન રાખતાં અવસાન થયેલ. જયારે સદર સાહેદ તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, સામાવાળા સંસ્થામાં જે કામદારો કામ કરે છે તેના જોખમ માટે સામાવાળા સંસ્થાએ વીમો ઉતરાવેલછે. અને અકસ્માતનો બનાવ બનેલ તે વખતે પોલીસી અમલમાં હતી. મુલચંદભાઈ કે જેઓ સામાવાળા નં.૧ સંસ્થામાં કામ કરતા હતા તેઓએ પોલીસ ફરિયાદમાં ગુજરનાર બાઈ ઘણા વર્ષોથી મજૂરી કામ એટલે કે, ઘઉં વીણવાની કામગીરી કરે છે. તેવું લખાવેલ છે તે વાત ખરી છે. આમ સામાવાળા નં.૧ ના સાહેદની જુબાનીમાં આવેલ હકીકતો અવલોકનમાં લેતાં ગુજરનાર શાંતાબેન સામાવાળા નં.૧ સંસ્થામાં ઘઉં વીણવાની કામગીરી કરતા હતા અને તા.૦૨.૧૧.૨૦૧૨ ના કહેવાતા અકસ્માત બાબતમાં સંસ્થાના જણાવ્યા પ્રમાણે તેઓની કોઈ જવાબદારી નથી. સદર અકસ્માતના બનાવમાં ગુજરનાર શાંતાબેનને સામાન્ય ઈજાઓ થયેલ અને તેઓને અકસ્માત થયાના ૨૦ દિવસ પછી જરૂરી સારવારના અભાવે મૃત્યુ પામેલ.

(૧૪) સદર કામે સામાવાળા નં.૨ વીમા કંપની તરફે સાહેદશ્રી રાકેશકુમાર મફતલાલ

પટેલની આંક.૪૮ થી તપાસવામાં આવેલ છે. જેઓએ ગુજરનાર કામદારનું પી.એમ. કરેલ. સદર સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે, તેઓ અંબાજી કોટેજ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે તા.૧૬.૧૨.૯૮ થી ફરજ બજાવે છે. તા.૦૨.૧૧.૧૨ ના રોજ શાંતાબેન નામના દર્દીને તેઓની હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવેલ. શાંતાબેનને જમણા થાપામાં ફ્રેકચર થયેલું અને જમણી કોણીથી નીચેના ભાગે અસ્થિભંગ થયેલો, તેઓને વધુ સારવાર માટે પાલનપુર જનરલ હોસ્પિટલ રીફર કરેલા. અસ્થિભંગની ઈજાઓ સામાન્ય રીતે કોમ્પ્લીકેશન ન થાય તો સારી થઈ જાય છે. ફરીથી આ દર્દી શાંતાબેનને તેઓની હોસ્પિટલ તા.૨૧.૧૧.૧૨ ના રોજ લાવવામાં આવેલ. તેઓને ઝાડા થઈ ગયેલા અને તેઓની હોસ્પિટલમાં આ દર્દીને દાખલ કરી સારવાર આપવામાં આવેલી. પરંતુ સારવાર દરમિયાન દર્દીના શરીરમાંથી પાણી ઓછું થઈ જવાથી સારવાર દરમિયાન જ અવસાન તેઓની હોસ્પિટલમાં થયેલ. જેથી આ દર્દીનું સાંજે પી.એમ. કરવામાં આવેલ. આ દર્દીનું પી.એમ તેઓએ કરેલ. અને પી.એમ નોંધ આંક.૪૮ થી રજૂ કરવામાં આવે છે. પી.એમ રીપોર્ટમાં મૃત્યુના કારણમાં તેઓએ જણાવેલ છે કે, દર્દીને ઝાડા થવાથી શરીરમાંથી પાણી ઓછું થઈ જવાના કારણે અને તેના કારણે હૃદય બંધ થવાથી મૃત્યુ થયેલ છે. જયારે સદર સાહેદની અરજદારના વકીલશ્રી મારફતે ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદર ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, દર્દીને બીજી વખત હોસ્પિટલ લાવવામાં આવેલા ત્યારે તેઓને ઈજા કેવીરી તે થયેલી તેની માહિતી લીધેલી અને એવુ જાણવા મળેલ કે, આ દર્દીને ઉપરથી ઘઉની બોરી પડવાથી ઈજાઓ થયેલ. એ વાત ખરી નથી કે, દર્દીને ઘઉની બોરીઓ પડવાથી ઈજાઓ થયેલી. એ વાત ખરી નથી કે, આ દર્દીને ઘઉની બોરીઓ પડતા આખા શરીરે ઈજાઓ થયેલ. એ વાત ખરી નથી કે, દર્દીના છાતી ઉપર ઘઉની બોરીઓ પડવાથી છાતીમાં લોહી જવા થયેલું એ વાત ખરી છે કે, વ્યવસ્થિત સારવાર દર્દીને ન મળવાથી ઈન્ફેકશન (ચેપ) થઈ શકે. એ વાત ખરી નથી કે, દર્દીને ઘઉની બોરીઓ પડવાથી ઈજાઓના કારણે અવસાન થયેલ છે. એ વાત ખરી નથી કે, કોઈપણ વ્યકિતને ગંભીર પ્રકારની ઈજાઓ થાય તો ડાયેરિયા થઈ શકે. એ વાત ખરી નથી કે, કોઈપણ વ્યકિતનું શરીર દબાણમાં આવે તો મૃત્યુ થઈ શકે. સાહેદ વધુમાં જણાવે

છે કે, કોઈપણ વ્યકિતનું શરીર દબાણમાં આવે તો મૃત્યુ થઈ શકે. સાહેદ વધુમાં જણાવે છે કે, કોઈપણ વ્યકિતનું શરીર દબાણ આવે તો તાત્કાલિક મૃત્યુ થઈ શકે, પરંતુ ૨૦ થી ૨૧ દિવસ પછી આવુ ન થઈ શકે. આમ, ડોકટરની જુબાનીમાં આવેલ હીકકતો ઘ્યાને લેતાં ગુજરનાર શાંતાબેનનું પોસ્ટમોર્ટમ તેઓ દવારા કરવામાં આવેલું અને ગુજરનારનુ અવસાન ઝાડા થવાથી શરીરમાં પાણી ઓછુ થઈ જવાથી અને તેના કારણે હદય બંધ થવાથી મૃત્યુ થયેલ છે.

(૧૫) આમ, ઉપરોકત બંને પક્ષકારની જુબાનીમાં આવેલ હકીકતો તથા પડેલ પુરાવાઓ જોતાં ગુજરનાર શાંતાબેન સામાવાળા નં.૧ સંચાલિત અંબાજી ભોજનાલયમાં અનાજ સાફ કરવાની કામગીરી કરતા હતા ત્યારે તા.૦૨.૧૧.૨૦૧૨ ના રોજ ઉપરથી જે કટ્ટા ગોઠવેલા તે ગુજરનારના માથે પડતાં ગુજરનાર શાંતાબેનને પ્રા.સારવાર અંબાજી મુકામે કોટેજ હોસ્પિટલમાં આપવામાં આવેલ. અને ત્યારબાદ વધુ સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવેલ હતા. અને ગુજરાનાર શાંતાબેનને અંદરના દર્દી તરીકે દાખલ કરી પછી રજા આપતાં ગુજરનાર શાંતાબેનને તેઓના ઘરે લાવવામાં આવેલ. ત્યારબાદ ગુજરાનાર શાંતાબેનની ફરી તબિયત બગડતાં તા.૨૧.૧૧.૧૨ ના રોજ અવસાન થયેલ એટલે કે ગુજરાનાર શાંતાબેનને તા.૦૨.૧૧.૨૦૧૨ ના અકસ્માત પછી ૨૦ દિવસ પછી ફરી તબિયત બગડતાં તા.૨૧.૧૧.૧૨ ના રોજ અવસાન થયેલ. જે અંગે સામાવાળાઓના જણાવ્યા પ્રમાણે ગુજરાનારનુ આ મૃત્યુ અકસ્માત ઈજાઓના કારણે થયેલ નથી. તેમજ આ કામે અરજદાર સુરેશભાઈએ આંક.૯ ની ઉલટતપાસની હકીકતો જોતાં ગુજરનાર તેમની મમ્મી થતાં હતાં અને સિવિલ હોસ્પિટલના ડોકટરે પ્લાસ્ટર કરેલ અને ૧૫દિવસ પછી બતાવવા આવવાનું જણાવેલ. તેમજ અન્ય અરજદાર નાથુજી કે જે ગુજરનાર શાંતાબેનના પતિ થાય છે તેઓની ઉલટતપાસની હકીકતો ઘ્યાને લેતાં તેઓના પત્નીને પાલનપુર સિવિલ હોસ્પિટલથી હાથેપગે ફ્રેકચર હોય, પાટાપીંડી બાંધી રજા આપેલી. તેઓના પત્નીને જયારે રજા આપી ત્યારે હાથે-પગે સિવાયકોઈ તકલીફ ન હતી. તેમજ ગુજરનાર શાંતાબેનને કહેવાતી ઈજાઓ બાબતે દવાખાને દાખલ કરેલા

અને તબિયત સારી થતાં દવાખાનામાંથી રજા આપવામાં આવેલ. તેમજ અરજદારના પત્નીને ઘરે ઝાડા બહુ થતાં અંબાજી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. અને તેઓના પત્નીને દવાખાનેથી ઘરે લાવ્યા બાદ આશરે ૧૦ દિવસ પછી અવસાન થયેલ. ગુજરનાર શાંતાબેનની જે દિવસે તબિયત બગડી અને દવાખાને લાવેલા તે જ દિવસે ગુજરનાર શાંતાબેન અવસાન પામેલા. આમ, સદર હકીકતો ધ્યાનમાં લેતાં, ગુજરનાર શાંતાબેનનુ અવસાન તેઓને તા.૦૨.૧૧.૨૦૧૨ ના થયેલ અકસ્માત ઈજાઓના કારણે થયેલ નથી. તેમજ આ કામે સામાવાળા નં.૨ તરફે આંક.૪૮ થી સાહેદશ્રી રાકેશકુમાર મફતલાલ પટેલને તપાસવામાં આવેલ છે. તેમાં પણ તેઓએ જણાવેલ છે કે, તા.૦૨.૧૧.૧૨ ના રોજ શાંતાબેન નામના દર્દીને તેઓની હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવેલ. અને ડો. કમલેશભાઈ પ્રજાપતિએ સારવાર કરેલી. શાંતાબેનને જમણા થાપામાં ફ્રેકચર થયેલું અને જમણી કોણીથી નીચેના ભાગે અસ્થિભંગ થયેલો, અને શાંતાબેનને વધુ સારવાર માટે પાલનપુર જનરલ હોસ્પિટલ રીફર કરેલા. ફરીથી આ દર્દીને તેઓની હોસ્પિટલ તા.૨૧.૧૧.૧૨ ના રોજ લાવવામાં આવેલ. શાંતાબેનને ઝાડા થઈ ગયેલાઅને સારવાર દરમિયાન દર્દીના શરીરમાંથી પાણી ઓછું થઈ જવાથી સારવાર દરમિયાન જ અવસાન થયેલ. તેમજ પી.એમ. રીપોર્ટમાં મૃત્યુના કારણમાં પણ જણાવેલ છે કે, આ દર્દીને ઝાડા થવાથી શરીરમાંથી પાણી ઓછું થઈ જવાના કારણે અને તેના કારણે હ્રદય બંધ થવાથી મૃત્યુ પામેલ છે. તેમજ ઉલટતપાસ એ હકીકતોનો ઈનકાર કરેલ છે કે, આ દર્દીને ઉપરથી ઘઉની બોરી પડવાથી ઈજાઓના કારણે અવસાન પામેલ. આમ, સદર કેસમાં આવેલ હકીકતો તથા પડેલ પુરાવાઓ ધ્યાનમાં લેતાં ગુજરનાર શાંતાબેનને તેમની ફરજ દરમિયાન થયેલ અકસ્માત ઈજાઓના કારણે મૃત્યુ થયેલ નથી. પરંતુ અકસ્માત થયાના ૨૦ દિવસ પછી તેઓને ઝાડા થવાના કારણે પાણી ઓછુ થઈ જતાં તેના કારણે દદય બંધ થઈ જવાથી અવસાન થયેલ છે. જેથી ગુજરનાર કામદારને ફરજના ભાગરૂપે અકસ્માતથી થયેલ ઈજાઓના કારણે મૃત્યુ થયેલ છે તેવું સ્પષ્ટપણે પુરવાર થતુ નથી. તેમજ કાયદાના સિદધાંતો અનુસાર વળતર મેળવવા માટે ગુજરનાર કામદારના મૃત્યુ અને અકસ્માત વચ્ચે સીધો સંબંધ હોવો જોઈએ.

અને જે કામગીરી કરતા હોય, તેને પરિણામે ઈજાઓના કારણે મૃત્યુ થયેલ હોવું જોઈએ પરંતુ મારા કેસમાં આવેલ હકીકતો અને પડેલ પુરાવાઓ અવલોકનમાં લેતાં, ગુજરનારનું અવસાન તેઓને કામગીરી કરતાં થયેલ અકસ્માતની ઈજાઓના કારણે થયેલ હોવાનું પુરવાર કરવામાં અરજદારો નિષ્ફળ ગયેલ છે. જે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૧૦(૨) જી.એલ.આર. પાના નં.૭૮૨ સ્ટેટ ઓફ ગુજરાત વિ. ફતક ફકરુ ભુરિયાનો ચુકાદો વંચાણમાં લેતાં તે ચુકાદામાં પ્રતિપાદિત કરલા સિદ્ધાંતોનો હું નમ્ર પણે સ્વીકાર કરુ છું અને મારી રૂબરૂના કેસમાં પણ ગુજરનારનુ અવસાન તેઓની કામગીરીને કારણે થયેલ ઈજાઓના કારણે થયેલ હોવાનું પુરવાર થતુ ન હોય, અરજદારો ગુજરનારના અકસ્માત મૃત્યુ વળતર રકમ કે અન્ય કોઈ રકમ મેળવવા હકદાર થતા ન હોય, અરજદારોની હાલની વળતરની અરજી રદ થવાને પાત્ર છે. જેથી અરજદારોએ અરજીમાં માગ્યા મુજબની વળતર કે અન્ય કોઈ દાદ મેળવવા હકદાર થતા ન હોય, અરજદારોની અત્રેની વળતર અરજી રદ થવાને પાત્ર છે. જે સબબ આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -: હુકમ :-

(૧) અરજદારોની અરજી W.C.(ફેટલ)અરજી નં. ૦૩/૨૦૧૪ નામંજૂર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**પાલનપુર .**
**તા. ૨૭.૦૮. ૨૦૧૯**

**(ઈશ્વરભાઈ જેઠાભાઈ મકવાણા)**
**કમિશ્નર ફોર ધી વ . કો. એકટ**
**લેબર કોર્ટ , પાલનપુર .**
**કોડ નં.જીજે.૦૦૭૮૪**